**સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને કોમશીયલ પાઈલોટ લાયસન્સ તાલીમ માટે નાણાંકીય લોન આપવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૪૦૬/ન.બા.૧૯/અ**
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ-૨૬/૩/૨૦૦૭

**વંચાણે લીધા :** (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સરખા ક્રમાંકનો તાઃ-૨૦/૩/૯૯નો ઠરાવક્રમાંકઃસશપ/૧૧૯૭/ન.બા.૫-અ

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૯૭/ન.બા.૫-અ તાઃ-૨૦/૩/૯૯

(૩) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો પત્રક્રમાંકઃવિજાક તલમ/૩૧૯/૦૬-૦૭/૮૦ તા.૨૦/૧/૨૦૦૭

ઠ રા વ :-

ઉપર્યુકત વંચાણે લીધેલ આ વિભાગના તા.૨૦/૩/૯૯ અને તા.૬/૭/૦૧ના ઠરાવથી રાજયના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને કોમર્શીયલ પાઈલોટ લાયસન્સ / ટ્રેઈની પાઈલોટની તાલીમ માટે રૂા.૪.૦૦ લાખની લોન વાર્ષિક ૪ % વ્યાજના દરે આપવાની યોજના અમલમાં છે. હાલમાં પાઈલોટની તાલીમ ખર્ચમાં ઘણો વધારો થયો છે. આ ખર્ચને પહોંચી વળવા ઉમેદવાર દીઠ કોમર્શીયલ પાઈલોટ લાયસન્સ / ટ્રેઈની પાઈલોટની તાલીમ માટે રૂા.૮.૦૦ લાખની લોન વાર્ષિક ૪ % વ્યાજના દરે આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આ યોજના અંતર્ગત રૂા.૪.૦૦ લાખ લોનની રકમ વધારીને રૂા.૮.૦૦ લાખની લોન વાર્ષિક ૪% વ્યાજના દરે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.પ્રસ્તુત યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

(પાછળ)

નરેન્દ્ર ૪/૪/૦૭

વર્ષ ૨૦૦૭-૦૮ના અંદાજ પત્રમાં આ માટે કરેલ રૂા.૧૨.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

યોજનાનો અમલ તા.૧/૪/૨૦૦૭થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણીક્રમાંક-૯૨ અંદાજપત્રના સદર-૨૨૨૫,અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૦૩ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૮૦૦ અન્ય ખર્ચ-બીસીકે-૮૪,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને વાણિજિયક પ્રારંભીક યોજના ( કોમર્શીયલ પાઈલોટ ટ્રેનીગ ) માટે લોન હેઠળ થયેલ જોગવાઈમાં મેળવવાનો રહેશે.

૨. આ ઠરાવ આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ ઉપર નાણાંકીય સલાહકારશ્રી તા.૧૪/૩/૦૭ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(ડી.પી.પરમાર)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

મંત્રીશ્રી,(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
મા.નાયબ મંત્રીશ્રી,(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજય,ગાંધીનગર.
સર્વે નાયબ નિયામકશ્રી,(વિ.જા.)
સર્વે સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)
નાણાં વિભાગ 'ક' શાખા ,સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત રાજય,અમદાવાદ / રાજકોટ.
પે એન્ડ એકાઉન્ટસ ઓફિસર ,ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડિટ ઓફિસર ,ગાંધીનગર.
બ- શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
પસંદગી ફાઈલ.

RAJ-NOT-07-1-2